Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com



RNI રજી. બાદ વર્ષ : ૧૭ · અંક : ૩૪ · તા. ૧૬ થી ૨૨ ઑગસ્ટ ૧૪ · વાર્ષિક લવાજમ રૂ. ૫૦ · Regn.No. MH/MR/East/53/2012-14

## શ્રી અરિહંત કો. ઓપ બેંક લિ ની ૩૧મી વાર્ષિક સભા શનિવાર તા. ૨.૮.૨૦૧૪ ના કાલીદાસ હોલ ખાતે યોજાઈ




મંચસ્થ મહાનુભાવો



ચેરમેન શ્રી મહેન્દ્ર ખોનાનું પ્રેરક પ્રવચન



મહાનુભાવો સહ દીપ પ્રાગટ્ય કરી રહેલા
ચેરમેન શ્રી મહેન્દ્ર ખોના




શેર હોલ્ડરોની નોંધપાત્ર હાજરી



આભાર વિધિ કરી રહેલા વાઈસ ચેરમેન
શ્રી કલ્યાણજી છેડા




સતત પ્રગતિનું ચાલક બળ તથા યશના અધિકારી બેંકના ડાયરેક્ટરો

# શ્રી અરિહંત કો. ઓપ. બેંક લિ ની ૩૧મી વાર્ષિક સભાની ઝલક



હાજરીની નોંધ કરાવી રહેલા શેરહોલ્ડરો




પ્રારંભે મંગલ પ્રાર્થના




અહેવાલ આપી રહેલા
સી.ઈ.ઓ. શ્રી ખેતશી ડી. ખોના



સભાનું સુત્રસંચાલન કરી રહેલા
શ્રીમતી માલતી ધરમશી



બેંકના પ્રારંભથી હિતેચ્છુઓ અને ડીપોઝીટર
શ્રી રતિલાલ વાલજી લોડાયાનું સન્માન




બેંકના ગ્રાહક
શ્રી મેરાજ અજીજ અહમદ સૈયદનું સન્માન

## બેંકના વિવિધ ડાયરેક્ટરોના હસ્તે સભ્યોના તેજસ્વી સંતાનોનું સન્માન



ચેરમેન શ્રી મહેન્દ્ર ખોનાના હસ્તે સન્માન



વાઈસ ચેરમેન શ્રી કલ્યાણજી છેડાના હસ્તે સન્માન



ડાયરેક્ટર શ્રી કિશોર ખોનાના હસ્તે સન્માન



ડાયરેક્ટર શ્રી મણીકાંત નાગડાના હસ્તે સન્માન



ડાયરેક્ટર શ્રી નીતિન શાહના હસ્તે સન્માન



ડાયરેક્ટર શ્રી ધનેશ મોમાયા હસ્તે સન્માન



ડાયરેક્ટર શ્રી પારસ શાહના હસ્તે સન્માન



ડાયરેક્ટર શ્રી કિરણ કુમાર મોમાયાના હસ્તે સન્માન



ડાયરેક્ટર શ્રી ગુલાબ શાહના હસ્તે સન્માન



ડાયરેક્ટર માલતીબેન ધરમશીના હસ્તે સન્માન



ડાયરેક્ટર શ્રી મણીલાલ બારોટના હસ્તે સન્માન



સી. ઈ. ઓ. શ્રી ખેતશી ખોનાના હસ્તે સન્માન

**આદ્યતંત્રીઓ**

**"પ્રકાશ"**

ડૉ. વેલજી પાશ્વીર ગોસર

**"સમીક્ષા"**

સનત્ શાહ અને

ગોવિંદજી જીવરાજ લોડાયા

**"પ્રકાશ સમીક્ષા"**

સનત્ શાહ

**: તંત્રી :**

રાયચંદ આર. નાગડા

સહ તંત્રી :

ચંદ્રસેન મોમાયા

મો. 9324618606



**સમિતિ સભ્યો**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા

રાયચંદ રતનશી નાગડા

શરદ કાંતિલાલ શાહ (નાગડા)

કેશરસિંહ આણંદજી ખોના

તિલકચંદ કુંવરજી લોડાયા

કિરીટ ખેતશી મુનવર

કાશમીરા વિરેન્દ્ર લુઠીયા

હિરાચંદ દામજી દંડ

પંકજ પ્રતાપ શાહ

ચંદ્રસેન હીરાચંદ મોમાયા

શૈલેશ સનત્ શાહ

જયંત વિશનજી છેડા



**અંક નં. 34/2014**

**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**C/o. Shri. R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poomima Restaurant,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર મંગળવાર સુધી

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.


# પર્યુષણની સાર્થક ઉજવણી જ્ઞાન કેન્દ્રી જ હોઈ શકે

ફરી એક વખત સઘન બાહ્ય અને આંતરિક ધર્મ આરાધના દ્વારા જીવનને નવું રૂપ આપવાનું આમંત્રણ આપતા પર્યુષણ આવ્યા છે.

અલબત્ત, આપણે એટલા બધા યાંત્રિક બની ગયા છીએ કે જાણે ચાવી દીધેલા પૂતળાં હોઈએ તેમ થોડી બાહ્ય ક્રિયાઓ કરીને પર્યુષણ ઉજવવાનો સંતોષ માની લઈએ છીએ.

પ્રખ્યાત જૈન સુત્ર **પ્રથમ જ્ઞાન, પછી દયા** કહે છે કે આમ તો દયા એ કરુણામાંથી પ્રગટ થતો સારામાં સારો ગુણ છે પણ તે શા માટે આવશ્યક છે તેની સાચી સમજ નહીં હોય તો તે પણ વધુ કાંઈ નહીં આપી શકે.

તો આ સમજ કેળવવા શું કરશું? સૌથી પહેલાં તો જીવન પ્રત્યેના હિંદુ - બૌદ્ધ થયા પહેલાં જૈન અભિગમની સમજ કેળવશું તેમજ આ સમજ કેળવતા બુધ્ધ અને જૈન દીક્ષા લઈ આકરી તપશ્ચર્યા કરનારા બુધ્ધ અને જૈન ઘરમાં જન્મી વર્ષો સુધી મહાવીર વાણીનું સચોટ રહસ્ય ઉદ્દઘાટન કર્યા પછી આચાર્ય રજનીશ (કે ઓશો)ને લાગ્યું તેમ લાગે કે જૈન ધર્મમાનો આકરી તપશ્ચર્યાનો અતિરેક નિરર્થક છે તો તે પ્રમાણિકપણે કહીએ.

આ વાત એટલા માટે મહત્વની છે કે આપણે એક બીજાને શું તપશ્ચર્યા છે એવો પ્રશ્ન પુછાય ત્યારે અજ્ઞાનવશ મજાકમાં અવારનવાર બોલીએ છીએ કે 'અમારે તો ખાતા પિતા શાતા છે' અથવા છઠ્ઠના ખમાવતા હળવાશપૂર્વક બોલીએ છીએ કે 'હાશ, આવ્યા છઠ્ઠ પારણા, હવે ભલે ભુલાય દેરાસરના બારણા!

વાતમાં વધુ ઊંડા ઉતરતાં પેહલાં ભારતીય દર્શનોમાં હિંદુ–બૌધ્ધ-જૈન એમ ત્રણ અભિગમવાળી વાત સ્પષ્ટ કરી દઈએ.

હિંદુ ધર્મમાં સંતુલનનો મહિમા છે, તે સાધવા માટે જ જીવનને ચાર આશ્રમોમાં વહેંચવામાં આવ્યું છે. પ્રથમ આશ્રમ બ્રહ્મચર્યાશ્રમમાં શરીરને અને મનને કસીને સજ્જતા પ્રાપ્ત કરવાની હોય છે. બીજા ગૃહસ્થાશ્રમમાં વડીલો - પરિવાર તથા સંઘ - સમાજ પ્રત્યેની ફરજ બજાવતા થોડી ઘણી જીવનની મજા લેવાની છે. ત્રીજા વન પ્રસ્થાશ્રમમાં સંસારમાં રહીને પણ વન તરફ લક્ષ્ય કરવાનું છે અને ચોથા સન્યાસાશ્રમમાં પુર્ણ વિરક્ત થવાનું છે.

એક અર્થમાં કહીએ તો બૌધ્ધ ધર્મ સીધા ત્રીજા આશ્રમ પર આવવાનું તથા જૈન ધર્મ ચોથા આશ્રમ પર આવવાનું ઈચ્છનીય ગણે છે.

અભિગમની વાત કરીએ તો બુધ્ધનું માનવું હતું કે જેટલી તમારી સમજ વધતી જશે તેટલું જીવન આપમેળે ધર્મમય બની જશે. માટે જીવન ધર્મમય બનાવવું છે એવું વિચારી શરીર અને મનને કષ્ટ આપવાથી તો એ બંન્ને બળવો કરશે અને ધર્મ માર્ગે ડગલું આગળ ગયા ન ગયા ત્યાં બે ડગલાં પાછળ જવું પડે જેવી સ્થિતિ સર્જાશે.

મહાવીરનો અભિગમ શરીર અને મન બન્નેને કષ્ટ પડે તોય શુભસંકલ્પ

લઈ તેને વળગી રહેવાનો કેમ હતો તેની સૌથી સારી સમજ રજનીશે પોતાના મહાવીરવાણીની પ્રવચન શૃંખલામાં આપેલી.

રજનીશ કહે છે કે મહાવીર માનતા કે દરેક અનુભવ આદત બનવાની ક્ષમતા ધરાવે છે અને આદત માણસને યંત્ર સમાન બનાવીને આદતોનો ગુલામ બનાવે છે. વાત ખાવાની હોય કે કામુસુખ મેળવવાની, મહાવીર કહે છે કે જો તમારામાં જીવનની અને આધ્યાત્મની સાચી સમજણ કેળવાઈ હોય તો અનુભવો લેવાની લાલચથી દૂર રહેજો કેમકે જો મનની વિવિધ અનુભવો લેવાની આદતને નહીં રોકી શકો તો તમે આદતોના ગુલામ એવા યંત્ર બની જશો.

આટલી સમજણ પછી પૂછવાનું મન થાય છે કે આપણે પર્યુષણમાં જે કાંઈ ધર્મ આરાધના કરીએ છીએ તે ખરેખર શું છે? કોઈ સાચી સમજણનું પરિણામ છે કે આઠ દિવસ શખણા રહેશું તો આખું વર્ષ નવેસરથી પાપ કરવાની પરવાનગી મળી જશે એવી પોતાનો જ છેતરવાની રીત એમાં શામેલ છે!

અહીં એક વાત ધ્યાનમાં રાખવાની છે: મહાવીરે કહેલ ધર્મ પાળવો હોય તો યંત્રવત સાધુ - સાધ્વીઓ પાસે બેસીને ઝોકાં ખાવાની જરૂર નથી કે નથી જરૂર ભૂખને મારીને ઉપવાસ કરવાની (ખરા અર્થમાં આપણે જે કરીએ છીએ એને ઉપવાસ ન કહેવાય લાંઘણ કહેવાય કેમકે ઉપવાસનો અર્થ છે પરમતત્વની પાસે રહેવું જ્યારે આપણે તો ભૂખને ન્યાય ન આપીને તેને પ્રબળ બનાવીએ છીએ. જેનું ગતિશાસ્ત્ર (લોજિક) અનેક અનર્થો સર્જ છે.)

કહેવાય છે કે ઉપવાસના પુજારી જૈનો ખાવાના એટલા જ ગાંડા હોય છે કે પર્યુષણના આઠ દિવસ બિચારા શાકવાળાઓને શાક સસ્તું વેચવું પડે છે અને પર્યુષણ પૂરું થાય કે તરત જ હોટલોમાં વધુ ગર્દી દેખાય છે! કારણકે આઠ દિવસ ભૂખ્યા ડાંસ રહેલા જૈનો ચટપટી આઈટમો પર તૂટી પડે છે.

આ પર્યુષણમાં એટલી સમજ કેળવીએ કે મહાવીરના આધ્યાત્મક માર્ગનો પાયો - તેનું બીજ આદતોના ગુલામ થતા અટકવાનો છે. જ્ઞાનનો દિવો પ્રગટાવવાનો છે.

જિન એટલે જીતનાર... તો ચાલો આપણી આદતોને જીતી, યંત્રમાનવ થવાનો ઈનકાર કરી જૈનપણાને સાર્થક કરીએ.

## કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિજનો જિયોની શ્રાવક અરોગ્યમ મેડિક્લેમ યોજનાનો સહેલાઈ લાભ થઈ શકે તે માટે ભલારાદાદા ટ્રસ્ટ વિશેષ વ્યવસ્થા

ગુરૂદેવ શ્રી નયનસાગરશ્રીજીની પ્રેરણાથી જિયો (જૈન ઈન્ટરનેશનલ ઓર્ગેનાઇઝેશન) દ્વારા ૨૪૦૦૦ શ્રાવક-શ્રાવિકાઓ માટે શ્રાવક આરોગ્ય મેડિક્લેમ પોલીસી નેશનલ ઈન્સ્યુરન્સ કંપની લિમિટેડ દ્વારા તથા કમાનારને માટે રૂ.૧૦ લાખ અને ન કમાનાર માટે રૂ.૫લાખની એંક્સીડંટ પોલીસી પ્રુડન્ટ ઈન્સ્યુરન્સ બ્રોકર્સ પ્રા.લિ. દ્વારા અપાવવાની યોજના થઈ છે. આ લાભો માટે વર્ષે રૂ.૧૮૦૦ જેટલી રકમ ભરવાની આવશે.

આ પોલીસીના ફોર્મમાં નામ, જન્મતારીખ, સરનામું, મોબાઈલ નંબર, કોઇ પ્રકારની એર્લજી છે કે નહીં તેની માહિતી સાથે શ્રાવક-શ્રાવિકા કયા જૈન સંઘ સાથે જોડાયેલા છે તથા તેમનું મૂળ વતન કયું છે તેની વિગત આપવાની છે.

હાલમાં આ ફોર્મ ભરીને આપવાની છેલ્લી તારીખ ૨૬મી ઑગસ્ટ છે પણ ઘણા સંઘો અને સંસ્થાઓની લંબવવાની માગણી હોય તે લંબાવવામાં આવશે.

આ ફોર્મ સાથે પાછળ નામ અને જન્મ તારીખ લખેલા બે ફોટા, રેશનકાર્ડની ઝેરોક્ષ, આધાર કાર્ડ - મતદાર કાર્ડ - ડ્રાઈવીંગ લાયશંશ-પાસપોર્ટની વગેરેની ઝેરોક્ષ કોપી અપવાની છે. આ બધામાંથી જે ડોકયુમેન્ટની ઝેરોક્ષ આપી હોય તેના મૂળ સરખાવવી ખાતરી કરવા મૂળ ડોક્યુમેન્ટ સાથે રાખવાના છે.

વધુમાં શ્રાવક-શ્રાવિકા જેના સભ્ય હોય તે જૈન સંઘ/સભ્ય/જ્ઞાતિ/મંડળ તરફથી પ્રમાણપત્ર લાવવાનું છે. સાથે જૈન ઈન્ટરનેશનલ ઓર્ગેનાઇઝેશનને નામે રૂ.૧૮૦૦નો ચેક કે ડી.ડી.આપવાનો છે.

જ્ઞાતિજનો આ માટેના ફોર્મ ભલારાદાદા ટ્રસ્ટના મુંબઇના વહીવટી કાર્યાલય C/o ગુર્જમાત (શ્રી જયંતભાઇ છેડા), ૧૮એ મોનાણી સદન, જે.એન.રોડ, મુલુંડ (વે) મુંબઇ ૪૦૦ ૦૮૦ ફોન નં ૦૨૨-૨૫૬૮૮૨૯૭ ખાતેથી મેળવી શકશે અને ત્યાંજ પાછા આપી શકશે.



## અચલગચ્છ પરિચય ભાગ-૬ અચલગચ્છની અસ્મિતા જાળવવાના પ્રયત્નો અચલગચ્છ સંઘના પ્રથમ પ્રમુખઃ નારાણજી શામજી મોમાયાના સંઘના બીજા અધિવેશન વખતના પ્રવચન પર આધારિત શ્રેણી

૧૩. જૈનોના જુદા જુદા ફીરકાઓ તથા ગચ્છો વચ્ચે આપણા ગચ્છ સાથેના સંબંધો ખુબ સારા રહ્યા છે, એટલું જ નહિ પણ જૈન સમાજના કોઈ પણ કાર્યમાં આપણું સ્થાન ગૌરવવંતુ રહ્યું છે. તે માટે મેં મારાથી શક્ય તેટલા બધા નમ્ર પ્રયાસો કર્યા છે.

૧૪. ગચ્છના અધિષ્ઠાયી દેવી શ્રી મહાકાલી માતાજીનું સ્થાન પાવાગઢમાં આવેલ છે. તે સ્થળે જૈન મંદિર તથા દેવસ્થાન સ્થાપવાનું આપણું ધ્યેય છે. આ ધ્યેય અમલમાં મૂકવા માટે સહુ પ્રથમ ગુજરાત સરકાર પાસેથી પાવાગઢ પર મંદિર, દેવસ્થાન, અતિથિગૃહ વગેરે માટે જમીન મેળવવી જરૂરી છે અને ત્યારબાદ ભારત સરકારના પુરાતત્વ ખાતાની રજા મેળવવી જરૂરી છે. આ કાર્ય માટે રૂપિયા એક કરોડની જરૂર છે. આ દિશામાં યોગ્ય પ્રયત્નો થાય તે આવશ્યક છે.

અહીં એ પણ જણાવી દઉં કે કચ્છના ઐતિહાસિક ભદ્રેશ્વર તીર્થમાં બાવન જિનાલય મંદિરમાં બાવન દેરીઓ મધ્યે એક નંબર વિનાની દેરી છે તે અંગે સંશોધન કરતાં એમ નક્કી થયું છે કે એ દેરીમાં મહાકાલી માતાનો કલ્પ છે અને પબાસણ પર અચલગચ્છના મહાન પ્રભાવક આચાર્ય શ્રી કલ્યાણસાગરસૂરીની પાદુકા છે. ઉપરાંત ઋષિકેશ અને સરસ્વતીની બે સુંદર મુર્તિઓ છે. તેના લેખની ભાષા વિક્રમની ચૌદમી - પંદરમી સદીની છે. એટલે મહાકાલીજીનો કલ્પ અને સૂરિજીની પાદુકા પણ તે સમયના હોવા જોઈએ. આ વસ્તુઓ આપણા માટે ઘણી મહત્વની છે. એટલે તે દિશામાં શ્રી સંઘ પ્રયત્નશીલ રહ્યો છે.

શેઠ વર્ધમાન કલ્યાણજી ટ્રસ્ટના ટ્રસ્ટી મહાશયોએ ખુબ સહૃદયતા દાખવી એ દેરીનો જીર્ણોદ્ધાર કરવા તથા ગચ્છ અધિષ્ઠાયિકા શ્રી મહાકાલી માતાજીની મુર્તિ સ્થાપવા મંજૂરી આપતા ઉચ્ચ પ્રકારના આરસો વાપરી દેરીનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે. અને તેમાં શ્રી મહાકાલી માતાજી તથા શ્રી ચક્રેશ્વરીદેવીની સુંદર મુર્તિઓ પધરાવવામાં આવી છે.

૧૫. તિર્થધિરાજ શત્રુંજય પર દાદાના દરબારમાં પહેલી પ્રદક્ષિણામાં પાણીના ટાંકા પર આરસની એક ભવ્ય દેરી છે. તે દેરીમાં શ્રી ઋષદેવ, શ્રી પાર્શ્વનાથ તથા શ્રી મહાવીર સ્વામીની પાદુકાઓ છે. ઉપરાંત આપણા મહાન આચાર્યશ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજી મ. ઉપાધ્યાય શ્રી ક્ષોમસાગરજી ગણી તથા ઉપા. શ્રી ભાગ્યસાગરગણીની પણ પાદુકાઓ છે.

શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી મજકુર પાણીની ટાંકી તોડી નાખી તેને લેવલસર કરવાની ગણતરીમાં છે. પ. પૂ. સાધ્વીશ્રીજી મુક્તિશ્રીજી મ. સાહેબ કે જેઓ પાલીતાણામાં સ્થિરવાસ છે. તેમણે આ વસ્તુ તરફ મારું ધ્યાન ખેંચતા મેં તેની તપાસ કરી અને તેમાં તથ્ય જણાતાં મેં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી સાથે પત્રવ્યવહાર શરૂ કર્યો, તેમજ, પેઢીના અધિકારી શઠશ્રી શ્રેણિકભાઈને રૂબરૂ મળી એમની પાસેથી લેખિત પત્ર લીધો કે, એ દેરીમાં અચલગચ્છના આચાર્યોનાં જે પગલાં છે, તે પાણીનું ટાકું જ્યારે પણ તોડવામાં આવશે ત્યારે સુરક્ષિત રાખવામાં આવશે અને તેની ખબર સમયસર આપણને આપવામાં આવશે. તેમ જ એજ સ્થળે એ જ કદની બીજી આરસની દેરી બનાવી આપશે. તેનો ખર્ચ શેઠ આણંદજી કલ્યાણજી ભોગવવા તૈયાર છે, પણ એ દેરી ખૂબ મનોહર બનાવવાની હોઈ તેનો ખરચો આપણે ભોગવવાનો નિર્ણય કરેલો છે. આ દેરીના પ્લાનો તથા ખર્ચનો અંદાજ તૈયાર કરવા પેઢી તરફથી શિલ્પીશ્રીને આદેશ થઇ ગયો છે.

૧૬. કચ્છ મધ્યે વારંવાર દુષ્કાળ પડતાં આપણે સાધર્મિક ભક્તિ માટે અને માનવ તથા પશુરાહત માટે કંઈ પણ ફંડફાળા એકઠા કરીએ, તેમાં દાતાઓને ઈન્કમટેક્ષની રાહત મળતી નથી. તેથી અમોએ એક એવી સંસ્થા - રચવા નક્કી

કરેલ કે, જેને કોઈ પણ દાન આપે તો ઈન્કમટેક્ષમાં કાયદા અનુસાર રાહત મળે. આ રીતે સને ૧૯૭૩માં શ્રી અચલગચ્છ કલ્યાણ કેન્દ્રની રચના થઇ છે, તેમાં એવી જોગવાઈ રાખેલ છે. શ્રી સંઘના પ્રમુખ તથા ટ્રસ્ટીઓ તેના પ્રમુખ તથા ટ્રસ્ટીઓ બને છે અને અખિલ ભારત અચલગચ્છ સંઘના બધા સભ્યો તેના સભ્યો બને છે. આ કલ્યાણ કેન્દ્રને સોસાયટી એક્ટ હેઠળ રજીસ્ટર કરાવેલ છે. તેમાં દાન આપનાર ભાઈ - બહેનોને ઈન્કમટેક્ષની રકમો મજરે મળે છે.

૧૭. બે વરસ અગાઉ કચ્છ - ગોધરાથી આપણા ગચ્છનો છ-રી પાળતો ઐતિહાસિક સંઘ નીકળ્યો ત્યારે અમે કચ્છ, ગોધરા, ભદ્રેશ્વર, જામનગર તથા પાલીતાણામાં હાજર રહી અમારાથી શક્ય એટલી સેવા આપી હતી. વળી પાલીતાણામાં પ. પૂ. આચાર્ય ભગવંતશ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજને શ્રી સંઘ તરફથી અચલગચ્છ દિવાકરની પદવી પ્રદાન કરવામાં આવી હતી અને ત્રણેય સંઘપતિઓ સર્વશ્રી સ્વ. શેઠ ખીમજી વેલજી, શેઠ લખમશી ઘેલાભાઈ તથા શેઠ શામજી જખુભાઈને ચાંદીની કાસ્કેટો પર લખાણ તૈયાર કરાવી સંઘરત્નની પદવીઓ અર્પણ કરી હતી. આ કાર્યમાં શ્રી સંઘે રૂપિયા ૧૭,૦૦૦ જેટલી રકમોનો સદ્વ્યય કર્યો હતો.

૧૮. ગત વર્ષે પાલીતાણામાં ૧૦૦૦ જેટલા ભાઈ બહેનોને નવાણું યાત્રા કરાવવાનો પ્રબંધ સંઘરત્ન શેઠશ્રી શામજી જખુભાઈ તરફથી કરવામાં આવ્યો હતો. જેની સર્વત્ર મુક્તકંઠે પ્રશંસા થઈ હતી. આ પ્રસંગે શેઠશ્રી શામજીભાઈ કોઈના હારતોરા સ્વીકારતા ન હતા, પરંતુ અમોએ શ્રી પાર્શ્વનાથ પ્રભુની સુખડની બે સુંદર મુર્તિઓ તૈયાર કરાવી તેમને તથા તેમના લઘુબંધુ શ્રી મોરારજીભાઈને શ્રી સંઘ તરફથી અર્પણ કરતાં તેના સહર્ષ સ્વીકાર કર્યો હતો.

**ક્રમશઃ**


**હાર્દિક અભિનંદન**

**બેલ્લારી કે.ડી.ઓ. જૈન મહાજનના પ્રમુખ શ્રી તથા જખૌ મહાજનના ઉપ - પ્રમુખશ્રી શ્રી વિજય મેઘજી મૈશેરી (જખૌ) ને કોન્ટાન્ટમેન્ટ રોટરી કલબનાં પ્રેસીડન્ટ તરીકે નિયુક્ત થવા બદલ ખુબ ખુબ અભિનંદન...**



**સમાજ સેવામાં ક્યારેય પાછળ ન રહે એવા શ્રી વિજય મેઘજી મૈશેરી બીજી પણ ઘણી સંસ્થા તથા કલબોમાં ગૌરવપુર્વક કાર્ય કરે છે. જેમ કે કોસ્મોપોલીટન ક્લબ, પોલીસ જીમખાના ક્લબ, માસોનીક ગુડવીલ લોજ નં.૫ બેલ્લારી ના મેમ્બર છે.**

**એમના ૬૦ માં જન્મદિવસ પર**
**એમના પરિવાર તરફ થી શુભેચ્છા.**

**અ. સૌ. સરલા વિજય મૈશેરી.**
**અ.સૌ. ચાર્મી નિખીલ મૈશેરી**
**અ. સૌ. રેશ્મા પરેશ લોડાયા**
**ચી. સોહા મૈશેરી, ભૂમિ - ભૂમીત લોડાયા**

**ફર્મ : મે પાર્શ્વમણી કોટન મીલ બેલ્લારી**





**વહાલા જમાઈને ખુબ ખુબ અભિનંદન**

**સમાજ સેવામાં તત્પર રહેતા**
**શ્રી વિજયકુમાર મેઘજી મૈશેરી (બેલ્લારી)**
**ઘણી સંસ્થાઓ જોડે જોડાયેલા છે.**
**રોટરી ક્લબ ના પ્રેસીડન્ડપદે નીમાયા**
**તે બદલ ખુબ ખુબ અભિનંદન...**

**માતુશ્રી કુંવરબાઈ હીરજી નરપાર છેડા પરિવાર**
**(જસાપર) સુરત - અમદાવાદ - જલગાંવ**

**ફર્મ : મેં. ભગવતી રોડ લાઈન્સ પરિવાર**

## ઓશોની દૃષ્ટિએ નવકાર મંત્ર (ભાગ-૨) અરિહંતોને અને સિધ્ધોને નમન શા માટે?

'નમો અરિહંતાણં'ના અરિહંતનો અર્થ છે કે જે બધા શત્રુઓનો નાશ થયો, જેનામાં એવો કોઈ ક્યાંય બચ્યો નથી જેની સામે લડવું પડે, હવે કામ નથી જેની સામે લડવું પડે, હવે લોભ કે અહંકાર નથી જેનીસામે લડવું પડે. જેની સામે લડવું પડતું હતું તે બધાં અજ્ઞાન નાશ પામ્યાં.

હવે એક નિર્દ્વંદ્વ સંઘર્ષહીન (Non- conflicting) વ્યક્તિત્વ, જેનું નામ અરિહંત છે તે શરૂ થયું, અરિહંત આખરી પડાવ છે, શિખર છે, મંજિલ છે. હવે કાંઈ કરવાનું, મેળવાનું, છોડવાનું બચ્યું નથી. બધું સમાપ્ત થઈ ગયું. જ્યાં માત્ર શુદ્ધ અસ્તિત્વ (Pure existence) બચ્યું છે, બ્રહ્મમાત્ર, હોવાપણું રહ્યું છે તેનું નામ 'અરિહંત'.

એક અદભૂત વાત એ છે કે 'નમો અરિહંતાણં' મંત્રમાં કોઈ વ્યક્તિનું નામ નથી. મહાવીર, પાર્શ્વનાથ કે કોઈ બીજા તીર્થંકરનું નામ નથી - જૈન પરંપરાનું કોઈ નામ નથી. કારણકે જૈન પરંપરા એ સ્વીકારે છે કે 'અરિહંત' માત્ર જૈન પરંપરામાં જ નથી થયા, બીજી પરંપરાઓમાં પણ અરિહંત થયા છે. તો આ નમોકાર કોઈ ખાસ અરિહંતને નહીં, બધા અરિહંતોને છે. આ એક વિરાટ નમસ્કાર છે. વિશ્વના બીજા કોઈ ધર્મમાં, આવો સર્વાંગીણ, આવો સર્વસ્પર્શી મહામંત્ર વિકસિત થયો નથી. એનો જાણે કોઈ વ્યક્તિ કેન્દ્રિત ખ્યાલ નથી, શક્તિ તરફ ધ્યાન છે. આ મંત્રમાં રૂપ પર ધ્યાન નથી, જે અરૂપ સતા છે તેના તરફ ધ્યાન છે. અરિહંતોને નમસ્કાર!

મહાવીરના જે પ્રેમી હોય તેમણે કહેવું જોઈએ 'મહાવીરને નમસ્કાર', બુદ્ધને જે પ્રેમ કરે તેણે કહેવું જોઈએ બુદ્ધને નમસ્કાર. રામને પ્રેમ કરનાર કહે કે રામને નમસ્કાર, પરંતુ બીજી કોઈ પરપરામાં મંચ નથી, જે કહે છે કે 'અરિહંતોને નમસ્કાર' તે બધાને નમસ્કાર, જે મંજિલ પર પહોંચી ગયા છે. ખરેખર તો મંજિલને નમસ્કાર.

'અરિહંત' શબ્દ નકારાત્મક (negative) છે. એનો અર્થ છે જેના શત્રુ સમાપ્ત થઈ ગયા. એ શબ્દ વિધાયક (positive) નથી. કારણકે આ જગતમાં જે કાંઈ શ્રેષ્ઠતમ અવસ્થા છે તેને નિષેધથી જ પ્રગટ કરી શકાય છે. એવો એક બીજો શબ્દ છે 'નેતિ - નેતિ' એનું પણ કોઈ વિધાયક રૂપ નથી. વિધાયક શબ્દોને સીમા હોય છે. નિષેધમાં સીમા હોતી નથી. 'નહીં' ને સીમા નથી. 'છે' ને સીમા છે, તે નાનો શબ્દ છે. 'નહીં' વિરાટ છે. એટલે અરહિંત શબ્દ પરમ શિખરનો સુચક છે. એમ કહેવાયું છે કે જેના બધા શત્રુ સમાપ્ત થઈ ગયા, જેના બધાં અતંર્દ્વદ્ધ વિલીન થઇ ગયાં, જેનામાં લોભ નથી, કામ નથી મોહ નથી, 'શું છે' તે નથી કહેવાયું. શું નથી તે કહેવાયું છે. એટલો અરિહંત શબ્દ બહુ માનવીય છે, ભાવાત્મક (Abstract) છે, જલદી પકડમાં આવે તેવો નથી.

માટે એની પછીના બીજા મંત્રમાં વિધાયકતાનો ઉપયોગ કરાયો 'નમો સિદ્ધાણં'.

'નમો સિદ્ધાણં' મંત્રમાં સિદ્ધ શબ્દોનો અર્થ છે, જેમણે મેળવી લીધું. આ બહુ વિધાયક શબ્દ છે. સિદ્ધિ, ઉપલબ્ધિ કાંઈક મેળવી લીધું (achievement) એવો ભાવ છે. કાંઈક છોડયું, નાશ થયો, એવા અરિહંત શબ્દના ભાવ એમાં નથી.

એક વાત ખ્યાલમાં રાખવાની છે. જેમણે ખોયું છે, છોડયું છે, એમને પ્રથમ સ્થાન અપાયું છે. જેમણે મેળવ્યું છે, એમને બીજા નંબરે રખાયા છ. કેમ? સિદ્ધ અરિહંતથી કોઈ રીતે ઓછા નથી હોતાં સિદ્ધ પણ ત્યાં જ પહોંચ્યા છે, જ્યાં અરિહંત પહોંચ્યા છે. પરંતુ ભાષામાં વિધાયકને સ્થાન દ્વિતીય પર રખાય છે. શુન્ય પ્રથમ છે. હોવું તે દ્વિતીય છે. સિદ્ધ વિશે માત્ર એટલીજ સૂચના છે કે એ પહોંચી ગયા. બીજું કોઈ વિશેષણ જોડાયું નથી. પહોંચી ગયા એટલે શું? એ કાંઈ આપણી સમજમાં આવતું નથી. 'અરિહંત' જે હવે નથી. સિદ્ધોએ શું મેળવ્યું છે? એ કાંઈ કહેતા નથી, એમની સિદ્ધીની કોઈ પ્રમાણ કે કોઈ ભૂતરૂપ આપણી સમક્ષ રજૂ થતાં નથી. શું મેળવ્યું છે તે વિશે સિદ્ધ કાંઈ અભિવ્યક્ત કરતાં નથી.

સિદ્ધ બીજ જેવા છે. ઘણી વાર એવું બને છે કે જે કાંઈ મેળવવાનું છે તે મળી ગયું હોય છે. પરંતુ એ મળવાની ઘટના એવી ગહન હોય છે કે એને શબ્દમાં અભિવ્યક્ત કરવાનું મન થતું નથી. એટલે બધા સિદ્ધિ મળતાંની સાથે જ મૌન રહેવાનું વધુ પસંદ કરે છે, તે માટે સિદ્ધને પણ આપણે ઠીક ઠીક સમજી નથી શકતાં.

## કથા મેનકાની વ્યથા સૌની નારીની....

## વનિતા



વિશ્વ

***પૌરાણિકથી માંડીને આધુનિક નારીની કથા, તેની વ્યથાને મુંબઈ સમાચારમાંની પોતાની કથા કોલાજ કોલમમાં અલગ રીતે રજૂ કરતા કાજલ ઓઝા વૈદ્યએ તાજેતરમાં સ્વર્ગની સૌથી સુંદર અપ્સરા મેનકાની વીતક કથા વર્ણવી છે. તે કથા એ જ દર્શાવે છે સ્ત્રીની મરજી અંગે દરેક યુગમાં ઉપેક્ષા ભાવ રહ્યો છે.***

આ દુનિયાની કઇ મા હશે જે પોતાના નવજાત શિશુનો ત્યાગ કરીને ભાગી છૂટે. મને હજીયે નથી સમજાતું કે મેં શા માટે દેવરાજ ઇન્દ્રની આજ્ઞાને માન્ય રાખી? શું મને ભય હતો કે એ મને સ્વર્ગમાંથી કાઢી મુકશે? જો એમ જ હોય તો એ કદાચ વધુ યોગ્ય થયું હોત. આજે પણ હું આંખ મીંચું ત્યારે મને મારી નવજાત બાળકીનું મુખ દેખાય છે..... એ મારા જેટલી જ સુંદર છે. એને જોયા પછી વિશ્વની કોઈ મા એને સ્નેહ ન કરે એવું શક્ય જ નથી... આવી બાળકીને મારે ત્યજી દેવી પડી! ઇન્દ્રની આજ્ઞાનું પાલન કરવું એ મારું ઉત્તરદાયિત્વ છે. હું અપ્સરા છું. સ્વર્ગમાં મારું સ્થાન છે. ઇન્દ્રાદિદેવોનું મનોરંજન કરવું એ અમારું નિત્ય કાર્ય છે.

ઋગ્વેદમાં ઋષિઓએ અમારા વિશે કથન કર્યુ છે. અમે વાદળોનો આત્મા અને જળનું સ્વરૂપ છીએ. અમે અક્ષતયોનિ અથવા આજીવન કુમારી કહેવાઇએ છીએ. અમારી સાથે સંભોગ કરવા છતાં પણ અમારું કૌમાર્ય ભંગ થતું નથી એવું અમને વરદાન હોય છે, પરંતુ અમારું અપ્રતીમ સૌંદર્ય, કૌમાર્ય, સંગીતનું જ્ઞાન કે નૃત્યની કળા ફક્ત એટલા માટે આપવામાં આવી છે, જેથી અમે દેવોનું મનોરંજન કરી શકીએ.

અમારામાં ઊર્વશી, રંભા અને તિલોત્તમાની સાથે સાથે હું ચાર ઉત્તમ અપ્સરાઓ કહેવાઇએ છીએ. જનસામાન્યમાં અમારા વિશે અહોભાવ છે. ઇન્દ્રની સભામાં અમારી હાજરીમાત્રથી સૌંદર્ય અને રંગ, સુંગધ અને સંગીત વિખેરી દઇએ છીએ.

અતિ વિચિત્ર નિયમો છે સ્વર્ગના..... પૃથ્વી પર કહેવામાં આવે છે કે જેણે ખૂબ પુણ્યો કર્યા હોય એ સ્વર્ગમાં જાય છે અને ઈન્દ્રાદિ દેવો સાથે ચિરકાળ આનંદ કરે છે. 'ગરુડ પુરાણ'માં નર્કની ભયાનકતાનું વર્ણન છે. પાપ કરનાર આત્માઓને નર્કની યાતનામાંથી પસાર થવું પડે છે, એમ પણ કહેવાય છે.

પરંતુ અહીં અમારે માટે પાપ - પુણ્ય નથી. વિષાદ કે આનંદ નથી. છે તો ફક્ત ઈચ્છાઓ, અને એ પણ અન્યોની. અમારા સૌંદર્યને ફક્ત ઉપયોગમાં લેવાય છે. કયારેક દાનવોનો વશ કરવા, ક્યારેક દ્યુતમાં જીતવા, ક્યારેક મનોરંજન કરવા તો ક્યારેક ઋષિઓનાં તપોભંગ કરવા.

વિશ્વામિત્રના તપને કારણે સ્વર્ગ ડોલી રહ્યું હતું... ઇન્દ્ર આમ પણ બહુ ડરપોક જ હોય છે... ઇન્દ્ર જ શું કામ? સત્તા પર બેઠેલા દરેકને એક જ ભય લાગતો હોય છે કે એ ક્યારે સત્તા પરથી પછડાશે! સત્તાનો નશો એવો છે કે એકવાર ચટકો લાગી જાય પછી છૂટતો નથી. ઇન્દ્રનું સ્થાન ઇન્દ્રાસન સાથે જોડાયેલું છે. જ્યાં સુધી ઇન્દ્રાસન પર બિરાજે ત્યાં સુધી જ એ ઇન્દ્ર છે..... એ પછી એને કોઇ 'ઇન્દ્ર' માનતું નથી! ટૂંકમાં, વિશ્વામિત્રના તપથી ઇન્દ્રાસન ડોલવા લાગ્યું. ઇન્દ્રને ભય પેઠો કે જો વિશ્વામિત્ર જ રીતે ઘોર તપ કરતા રહ્યા તો ઇન્દ્રાસન છોડવું પડશે. એણે મને બોલાવી. વિશ્વામિત્રનું તપોભંગ કરવાનું કાર્ય મને સોંપ્યું. સાચું કહું તો મને આવું કાર્ય કરવામાં એક જાતનો આનંદ આવતો હતો. જે લોકો દમન, ત્યાગ અને તપના બળે સ્વયંને બળવાન પ્રસ્થાપિત કરવા માગતા હોય એવા પોતાની જાતને મહાન કહેવડાવતાં હોય એવા ઋષિઓના તપોભંગ કરીને મારા અહંકારને પુષ્ટિ મળતી. મારા સૌંદર્ય વિશેનો બોધ વધુ તીવ્ર થઇને ભોંકાય એ મને ગમતું.

પરંતુ મને વિશ્વામિત્રનો ભય લાગતો હતો. મેં ઇન્દ્રને કહ્યું, 'ભગવાન વિશ્વામિત્ર મહાતેજસ્વી, મહાતપસ્વી અને ક્રોધશીલ છે. એમણે ભાગ્યશાળી વસિષ્ઠને પોતાના પ્રિય પુત્રોથી છૂટા પાડયા છે. તેઓ જન્મે ક્ષત્રિય છે. એમણે કૌશિકી નામની નદીનું સર્જન કર્યુછે. મહર્ષિ મતંગ પાસે યજ્ઞ કરાવ્યા છે....દેવાધિદેવ, એમણે તમને અને ચંદ્રને શિક્ષા કરવા માટે નક્ષત્રની સંપત્તિવાળો બીજો લોક સર્જ્યો છે. જેમણે ત્રિશંકુને શરણ આપ્યું છે. જેણે દિશાઓને પલટાવી છે. મહામેરુ પર્વતને ભય પમાડયો છે એવા ચંદ્ર જેવી કીકીઓવાળા, કાળ જેવી જીભવાળા અને અગ્નિ જેવા મુખવાળા, પ્રજ્વલિત અગ્નિ જેવી તપોયુક્ત જિતેન્દ્રિયને હું કેવી રીતે વશ કરી શકીશ?'

ત્યારે ઇન્દ્રએ મને કહ્યું, 'કામદેવ તારા સહાયક થશે. તું ક્રીડા કરતી હશે ત્યારે વાયુ વનમાં સુગંધ પ્રસરાવશે. સુંદર ફૂલો ખીલાવશે અને વિશ્વામિત્રને લોભાવવાનું કામ કરશે.'

હું આનંદિતા-રૂપગર્વિતાની જેમ વિષમ પરિસ્થિતિમાં મુકાયા હોવાનો ડોળ કરતી ભૂમિ ઉપર દોડવા લાગી. મારા રૂપ-ગુણ અને સૌંદર્યને જોઇને તથા કામદેવના પ્રતાપને કારણે વિપ્રશ્રી કામવશ થઇ ગયા. એકમેકની સામે જોયું અને મારી ભીતર કશુંક બદલાઇ ગયું. મેં કદીયે નહોતું કલ્પ્યું એવું કામબાણ મને પોતાને વાગ્યું. આ કાળ હતો કે મારું ભાગ્ય હું નથી જાણતી, પરંતુ એ ક્ષણથી મારી ભીતર કશુંક વહેવા લાગ્યું. વિશ્વામિત્રના તપને કારણે તેઓનું તેજ અનેકગણું વધ્યું હતું. હું ક્ષાત્રતેજની ઉપર બ્રહ્મતેજ અને તેથીય ઉપર જ્ઞાનનું તેજ ઉમેરાયું હતું. હું સ્વયં એમને સમર્પિત થઇ ગઈ....

એ પછીના કાળમાં અમે યથેચ્છ વિહાર કરતા રહ્યા. વિપ્રશ્રી કામવશ હતા. એમના મૂળ ક્ષત્રિય તત્ત્વના ગુણો સંપૂર્ણપણે ફરી એકવાર જાગૃત થયા હતા. કાળક્રમે મેં ગર્ભ ધારણ કર્યો. બસ, એ જ સમયે ઇન્દ્રએ ક્રોધમાં મને સંદેશ પાઠવ્યો, 'મૂર્ખી! તું વિસરી ગઈ છે કે શરીર તારો ગુણધર્મ નથી. તું જળ - વાદળનું સ્વરૂપ છે. તારે તારા સ્વરૂપને ગુણધર્મને વિસરીને એની જેમ ન જીવી શકાય. તારે સ્વર્ગમાં પાછા ફરવું પડશે ને હવ એનો સમય આવી લાગ્યો છે.' મને આઘાત લાગ્યો. સ્વપ્નની જેમ જીવાઈ રહેલા એક મનુષ્ય સ્વરૂપમાંથી હવે મારે ફરી એકવાર મારા ઉત્તરદાયિત્વને પૂર્ણ કરવા માટે મારા મૂળ સ્વરૂપમાં પાછા ફરવાનું હતું.

મેં સંદેશ પાઠવ્યો, 'હું માતૃત્વ ધારણ કરવાની છું. મનુષ્ય સ્વરૂપે અહીં આવીને મને મારા સ્વરૂપની સાર્થકતાનો અનુભવ થયો છે. હે દેવાધિદેવ! હું મારા સંતાનને જન્મ આપું ત્યાં સુધી મારી મનુષ્ય સ્વરૂપની અવધિને લંબાવી આપવા વિનંતી કરું છું'

એ પછી મેં બાળકીને જન્મ આપ્યો. બાળકીને વિશ્વામિત્રને સોંપવાનો પ્રયાસ કરતાં એમણે અત્યંત તિરસ્કારપૂર્વક મને નકારી કાઢી. વિશ્વામિત્રનો તપોભંગ ખરેખર મારી સાથેના શરીરબંધથી નહોતો થયો, પોતાના આનંદમાંથી જન્મેલા સંતાનને જ્યારે એમણે સ્વીકારવાની ના પાડી ત્યારે એમનું સાચા અર્થમાં પતન થયું એમ હું માનું છું. આનંદની ક્ષણોમાંથી જન્મેલા સંતાનરૂપી પરિણામના ઉત્તરદાયિત્વને સ્વીકારવાનું સદ્‌ભાગ્ય મારી પાસે નહોતું. કાર્ય પૂરું થતાં મારે તો પાછા ફરવાનું જ હતું. એમ ન કરું તો ઇન્દ્રના શાપનો ભોગ બનવું પડે....મારે તો પાછા ફરવાની કોઈ ઈચ્છાજ નહોતી, પરંતુ મારી પાસે બીજો કોઇ રસ્તોજ ન હતો....

મારી પુત્રી એક અત્યંત સુંદર અને દિવ્ય સ્વરૂપ ધરાવતી બાળકી હતી. હું મારી બાળકીને માલિનીને તીરે મૂકીને રડતી-કકળતી-આંસુ સારતી ઈન્દ્રભુવન પાછી ફરી...સિંહો અને વાઘોથી ભરેલા નિર્જનવનમાં સૂતેલી બાળાને શકુન્ત પક્ષીઓ રક્ષતા રહ્યાં. માલિનીના તીરે સ્નાન કરવા આવેલા કણ્વઋષિ એને નિહાળતાં જ એમના હૃદયમાં પિતૃત્વનો સાગર ઊમટી પડયો. એમણે એ બાળકીને પોતાની પુત્રી કરીને પ્રસ્થાપિત કરી. શાસ્ત્રોમાં જન્મદાતા, પ્રાણદાતા અને અન્નદાતા ત્રણેયને પિતા કહ્યા છે માટે શકુન્ત પક્ષીઓના રક્ષણનો ઉપકાર યાદ રાખીને એનું નામ 'શકુન્તલા' પાડવામાં આવ્યું....હું આજે પણ મારી પુત્રીને ત્યજવાના કારણસર અપરાધી હોવાનો ભાવ અનુભવું છું....


Since 1984...
Lagna Deep
બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઇ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)

પધારો... અસ્સલ
કચ્છીયતના આંગણે...
રીયલ હેન્ડ એમ્બ્રોઇડરી,
રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા
• રીયલ બટ કસબની સાડી બોર્ડર • પીટ્ટા તાર ભરતની સાડી
• કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
• બ્રાઇડલ ચણીયા ચોળી, ડીઝાઇનર સાડી
• પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.
(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)
જુના ઘરચોળા સારી કિંમતે લેવામાં આવશે.
Mob. : 7666688881
ગુરૂવાર બંધ



લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ
અવસર સારીઝ
• સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
• રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ.
૧, રૂપલ અપાર્ટમેન્ટ, દાદા સાહેબ ફાલકે રોડ, અરોમા હોટેલની સામે, દાદર (ઈ), મુંબઈ-૧૪.ટે.૨૪૧૬૪૨૩૯
સંપર્ક: દિનેશ દેઢિયા
92234 25676

## કચ્છી કવિતા – પ્રકાશ

સંકલન : નવિન પટેલ **૧૦**

ગઝલ એ કવિઓનો માનીતો પ્રકાર રહ્યો છે. ખાસ કરીને આપણને ઉર્દુ સંસ્કૃતિ સાથે ઘરોબો હોવાથી કવિઓ પર ગઝલે ખૂબ જ પ્રભાવ પાડેલ છે. ગત **'કચ્છી કવિતા – પ્રકાશ'** માં શરૂ કરેલ ગઝલની સફરને આગળ વધારીએ **જયન્તી જોષી 'શબાબ'**ના કાવ્ય સંગ્રહ **'શબ્દ ખંડિયેર'** ની આ ગઝલથી. આ રચનાના શબ્દો આપણને કચ્છી કવિઓની ગઝલ પરની પકડનો અહેસાસ કરાવે છે.

**અસીં ઈશ્કમેં એડ઼ા કોતક કરી વ્યા,**
**કાગર જે મછુએ સેં ધરિયા તરી વ્યા;**

**નજર સેં નજર જીં મિલઈ આંસેં ધિલભર,**
**અસીં ધીન-ધુનીયાંનું તેરંઈ ટરી વ્યા;**

**વિછોડ઼ેજી પલ એડ઼ી ઓખી ગુધારઈ,**
**પલોપલ લગો તે મરી વ્યા મરી વ્યા;**

**રખઈ આગ હીંયેમેં મોભતજી એડ઼ી,**
**કરી વ્યા દફન તાં કફન પણ બરી વ્યા;**

**ગઝલ મૂં લિખૈતે ને સિપરીં સિરી વ્યા,**
**'શબાબ' આઈં મિલનજીજ પલ ચાંતરી વ્યા.**

બીજી રચનામાં **'ઉંધાણ'** કાવ્ય સંગ્રહના રચયિતા **જયંતિ ગોર 'જખ્મી'**ની કલમે લખાયેલ વિયોગીની વ્યથા વર્ણવેલ છે.

**અચીંધા**

મિલેલા ગમે તીં કરી ને અચીંધા,
હુંધો મીં તાં છેવટ તરીને અચીંધા;

ડિસો ફુલજી હેમથ કંઢા પણ નમેતા,
જિગર ! ઈતરે હેમથ કરે ને અચીંધા;

મિલ્યાસીં હિલ્યાસીં વિઠાસીં ફિર્યાસીં,
ન થ્યો ધ્રો ઉનીંકે વરીને અચીંધા;

અસીં તાં જુરેલ જ ઐઈયું જનમથી,
મિલણ ઉ અસાંકે જુરીને અચીંધા;

ઈનીકે ખબર આય 'જખ્મી' સુરગ મેં,
ને ઈતરે મિલણ લા મરીને અચીંધા !

કવિ **લાલજી મેવાડા 'સ્વપ્ન'** ની રચનાઓમાં કચ્છી સાહિત્ય ભારોભાર છલકે છે. એમના સંગ્રહ **'વાછંઢ'** ની એક ગઝલ માણીએ.

**નિકરી અચે**

**માડુ ભલેં જો તાં ભલો , ઈતિહાસ નિકરી અચે,**
**પણ કો પનું પુસ્તી મિંજા પણ ખાસ નિકરી અચે;**

**રસ્તા ખુલા વેં ને ડિસું ડોએ ભલેં રે ખુલ્યું,**
**પણ ભંધ કેંજીક મુઠ મેં આકાશ નિકરી અચે;**

**શ્રદ્ધા હકીકતમેં બરૂકી હોય તી ભાગ્યનું,**
**નાયૈર મિંજાનું ઈ ભલો વિસવાસ નિકરી અચે;**

**'સ્વપ્ન' રખે આય જિંધગી ભરલ હવા જો ફુગો,**
**ડોરો ત્રુટે તો કો મથાને શ્વાસ નિકરી અચે.**

કવિ **રવિ પેથાણી 'તિમિર'** એક સારા ગઝલકાર તરીકે પોતાને પ્રસ્થાપિત કરી ચૂક્યા છે. એમની રચનાઓના ઊંડાણમાં ઉતર્યા બાદ જ એમની કાવ્ય શક્તિનો અહેસાસ થાય છે. એમના સંગ્રહ **'વતર'** ની એક ગઝલ પ્રસ્તુત છે.

**હુંધા**

**ફુલ સરમસેં મિડ઼ે ખિરેઆ હુંધા,**
**ભાગમેં ઐં જડેં ફિરેઆ હુંધા;**

**ઐં છિબેઆ વા ભલેં જિરા ઈનકે,**
**તૉય થોડ઼ા જિજા બરેઆ હુંધા;**

**કમ ન ધુસમણ વટા થિએ હેંડ઼ો,**
**ધોસ્ત ! ઐં પણ કિતક ભિરેઆ હુંધા;**

**પ્રેમમેં વેઆ બુડી જુકો પુરા,**
**ઈ 'તિમિર' છે સુંધી તરેઆ હુંધા.**

ગઝલકાર તરીકે કવિ સંમેલનોમાં ઘણું કાઠું કાઢનાર કવિ **જયેશ ભાનુશાલી 'જયુ'**ની એકાદ રચના માણ્યા વગર આજની મહેફિલ પુરી કરી જ ન શકાય. પ્રસ્તુત છે એમના સંગ્રહ **'અખીયું'**ની એક ગઝલ.

**વાટ વિઆઈ**

**અસીં ચાંધની રાત વિઆઈ, નિંધર મેં ને નિંધર મેં !**
**ચાંધે જી સોગાથ વિઆઈ, નિંધર મેં ને નિંધર મેં !**

**ફુલડા ખિલ્યા કૅર ભાગમેં, કૅર હવા ખુસભું ભનઈ ?**
**અસીં મિઠી પિરભાત વિઆઈ, નિંધર મેં ને નિંધર મેં !**

**અખીયું મીંચે ઓજાંગણ મેં, આડેધડ પે હલેયાસી !**
**અસીં વિઐ જી વાટ વિઆઈ, નિંધર મેં ને નિંધર મેં !**

**સિજ઼ પુજી વ્યો વાઈયાં હાણેં વાર ઉલે મેં થોડ઼ી !**
**પલ હિકડ઼ી હૈયાત વિઆઈ, નિંધર મેં ને નિંધર મેં.**

ગઝલોની આ મહેફિલ મુકતક વગર અધુરી રહી જાય, તો એકાદ મુક્તક ગઝલ પરનો જ જોઇએ…

**મિંજારા મચ બરે જો, કારણ પ ગઝલ,**
**હિન ધરધ જો પોય, મારણ પ ગઝલ,**
**કિતરો બયાન કરીયોં જિંધગી જો 'કસભી',**
**સજી ગ઼ાલ જો ટુંક મેં, તારણ પ ગઝલ.**

**(હરેશ ધરજી, 'કસભી')**

## શ્રી શંત્રુજ્ય મુક્તિ સમ્યગજ્ઞાન અભ્યાસક્રમ

અચલગચ્છાધિપતિ તપસ્વીરત્ન પ.પ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ની આજ્ઞા એવં શુભાશીર્વાદથી શ્રી શંત્રુજય એકેડમી હેઠળ શ્રી શંત્રુજ્ય-મુક્તિ સમ્યગજ્ઞાન અભ્યાસક્રમ સુંદર પ્રગતિ કરી રહ્યું છે. ૧૪૦૦ થી વધારે વિદ્યાર્થીઓ જ્ઞાન સંપાદન કરી રહ્યા છે. ચોત્રીસ (૩૪) સાધ્વીજી ભગવંત પણ લાભ આપી રહ્યા છે, એ અમારા માટે ગૌરવની વાત છે.

દર વર્ષે પરિણામ જાહેર થયા પછી વિદ્યાર્થીઓનું સ્નેહમિલન ગોઠવી એમાં પ્રત્યેક વર્ષના વિદ્યાર્થીઓમાંથી પ્રથમ ત્રણ શ્રેષ્ઠ વિદ્યાર્થીઓનો મેડલ તથા પછીના ત્રણ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. આ મેડલ માટે આ વરસથી કાયમી દાતા લેવાનું ચાલુ કર્યુ છે. ત્રણ વરસના ત્રણ સુવર્ણચંદ્રક, ત્રણ રજત ચંદ્રક તથા નાના રજત ચંદ્રક આપવામાં આવે છે. જેમના એક ચંદ્રકનો કાયમી નકરો રૂ.૧ લાખ ૫૧ હજાર, ૧લાખ ૨૫ હજાર તથા રૂ.૧ લાખ ૧૧ હજાર રાખવામાં આવેલ છે.

પ્રથમ વર્ષનાં પ્રથમ કાયમી સુવર્ણચંદ્રક માટે શ્રીમતી ઈંદિરાબેન જયંતીલાલ વિકમશી કચ્છ જખૌ હાલ ઘાટકોપર વાળાએ લાભ લીધેલ છે.

દ્વિતીય વર્ષનાં પ્રથમ કાયમી સુવર્ણચંદ્રક માટે પલ્લવી વિરચંદ શિયાળની પાવન સ્મૃતિમાં માતુશ્રી વિમલાબેન વિરચંદ શાહ (શિયાળ) કચ્છ-જખૌ, હાલ નાંદેડ પરિવારે લાભ લીધેલ છે.

પ્રથમ વર્ષનાં દ્વિતીય કાયમી રજત ચંદ્રક માટે માતુશ્રી નવલબાઈ વિરચંદ મોમાયા કચ્છ સાંયરા હાલ ઘાટકોપર પરિવારે લાભ લીધેલ છે.

**શ્રી શંત્રુજ્ય એકેડમી આપ સહુનો હાર્દિક આભાર માને છે.**

## સાંયરા (કચ્છ) મધ્યે લોડાયા કુળના શ્રી સચ્ચાઈ માતાજી તથા શ્રી સખત માતાજીને નમતા ભાવિકો જોગ

**આપણા સાંયરા ગામમાં બિરાજમાન શ્રી પુડસા દાદાના ભૂવાની માગણીને અનુલક્ષીને નિમ્નલિખિત કાર્યક્રમ આયોજિત કરવામાં આવેલ છે.**

**કારતક સુદ ૧૩, ૧૪ અને પૂનમ (મંગળવાર તા. ૪.૧૧.૨૦૧૪ થી ગુરુવાર તા. ૬.૧૧.૨૦૧૪ સુધી ભૂવા બનાવવાનું નિર્ધારિત કરવામાં આવ્યું છે.**

**આ પ્રસંગે પધારવા સર્વે સાંયરાવાસીઓ કે જે આપણા ગામ સ્થિત માતાજીને નમતા લોડાયા ગોત્રના ભાવિકોને નમ્ર વિનંતી કે ઉપરોક્ત કાર્યક્રમમાં આવવા ઈચ્છુક ભક્તોએ પોત પોતાની ટિકિટો સમયસર કઢાવી, પધારવા વિનંતી. આ સમય દરમ્યાન ભોજન તથા રહેવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે.**

**પધારવા ઈચ્છુક ભાવિકોએ આ બાબત આગોતરી જાણ કરવા નમ્ર અપીલ છે જેથી સગવડ કરવામાં અમને સુગમતા પડે. સાથે માતાજીની ગંધી બદલવાનું પ્રોગ્રામ રાખવામાં આવેલ છે.**

**મણિલાલભાઈ લોડાયા** | **જવેરચંદભાઈ લોડાયા મો. 9004662741**

**શાંતીલાલ લોડાયા, મુલુંડ મો. 9324011105** | **દિપક લોડાયા, ડોંબિવલી, મો. 9820821388**

**લિ. સાંયરા શ્રી સચ્ચાઈ માતાજીને નમતા લોડાયા કુળના ભાવિકો**

## કે.સી.લુઠીયા સામાજિક કાર્યકરને જાયન્ટસ ઇન્ટરનેશનલ એવોર્ડ

જાયન્ટસ ઇન્ટરનેશનલ તરફથી મુલુંડના ગૌરવસમા શ્રી કુલનીકાંત ચાંપશી લુઠીયાને ૨૦૧૪-૧૪ના બેસ્ટ સામાજિક કાર્યકર તરીકે સન્માનિત કરવામાં આવશે તેમ તેના વર્લ્ડ ચેરમેન શ્રી નાના ચુડાસમાએ એક પત્ર દ્વારા જાણ કરી.

સમાજસેવા ક્ષેત્રે અનેકાનેક શિખરો સર કરનાર શ્રી લુઠીયાએ મુંબઇ - મહારાષ્ટ્ર અને ગુજરાતમાં ઘણી નામના મેળવી છે. માનવસેવા એ જ પ્રભુસેવાને લક્ષ્યમાં રાખી અનેક સેવા પ્રવૃત્તિ ચલાવતા માનવજ્યોતના સુત્રધાર તરીકે ગરીબ જરૂરતમંદોને બધીય રીતે મદદરૂપ થવાનો નેક પ્રયાસ કરે છે.

આજે સમસ્ત મુલુંડમાં સીક બેડ સેવા, ડ્રગબેંક તેમ જ રાહતદરે અપાતી દવાઓ અને વિનામુલ્યે અપાતી દવાઓ આપવામાં અવ્વલ માનવજ્યોતનું મોટું નામ સર્વત્ર લોકપ્રિય થયું છે.

તાજેતરમાં જ ગુજરાત-મહારાષ્ટ્રની સેવાલક્ષી સંસ્થાઓને રૂપિયા ૫૦ લાખનું અનુદાન અપાવવામાં તેઓ દાતાઓને નિમિત્ત બાનવવા પ્રેરણા આપી, સમાજકલ્યાણનું એક ભવ્ય કામ કરી ચુકયા છે.

જાયન્ટસ્ ઈન્ટરનેશનલના ફાઉન્ડેશન ડે નિમિત્તે ટ્રાઇડેન્ટ હોટેલ નરીમન પોઇન્ટ ખાતે યોજનારા એક ભવ્ય સમારંભમાં શ્રી લુઠીયાને પુરસ્કારથી નવાજવામાં આવશે.

હાલમાં જ એન્કરવાલા અહિંસાધામ દ્વારા તેમનો અહિંસા એવોર્ડ અને મહાવીર ઇન્ટરનેશનલ મુંબઇ દ્વારા સમાજસેવાર્થે એવોર્ડ અને નેશનલ કાઉન્સીલ ઓફ સીનીયર સીટીઝન દ્વારા ડબલ ગોલ્ડ મેડલથી સન્માનિત કરવામાં આવેલા.

*ડૉ.જે.પી.ખોના.*


**અસલ કલા-કસબનો સમન્વય**

**જ્યોતિ** સિલ્ક સાડી એમ્પોરીયમ

*Sachi Jari maate real nam*

સાડીઓ • ચણીયાચોળી • ઘરચોળા • બોર્ડરો પાનેતર • બાંધણીઓ મનભાવન ડીઝાઇનો,

૧૩૪/૩૬, બીજે માળે, ઝવેરીબજાર, ખારાકુવા સામે, મુંબઇ- ૦૨. Tel. : 22413995 / 22402786


## વિનોદભાઈ ધુલ્લા અને પ્રવિણભાઈ ખોના હંમેશા યાદ આવશે

જાન્યુઆરી ૨૦૧૪ના અંતમાં મારા વસ્તીપત્રક સમિતિના શ્રી રમેશભાઇ તથા ત્યાર પછી શ્રી વિનોદભાઇ ધુલ્લાનો ફોન આવેલ. મને કહ્યું કે ‘માર્ચના અંતમાં’ સુધીમાં વસ્તીપત્રકની કામગીરી પુરી કરીને એપ્રિલમાં જ્ઞાતિજનોના હાથમાં આઠમું વસ્તીપત્રક મુકવાની અમારી ઈચ્છા છે. તમારા જ્ઞાતિના મુખપત્રોમાં લખેલા લેખ વગેરેને ધ્યાનમાં લઈને તમારી સેવાનો લાભ લેવો છે તો તમે બને તેટલું જલ્દી એક દિવસ માટે મુંબઇ આવી જાવ જેથી જે એજન્સીને આ કાર્ય સોપેંલુ છે તેમના પ્રતિનિધિ અને આપણે સૌ સાથે બેસી જ્ઞાતિને સુંદર વસ્તી પત્રક આપી શકીએ.

વિચાર વિનિમય કરીને અને અન્ય ‘કમીટમેન્ટ’ને ધ્યાનમાં લેતા મેં મારી અશક્તિ દર્શાવી તો તેમણે કહ્યું ‘કંઇ વાંધો નહીં પ્રવિણભાઇ, અમે તમારે ત્યાં સુરત આવી જશું, ૪-૫ કલાક સાથે ગાળશું અને વસ્તીપત્રક બાબત ચર્ચા કરશું’ મેં આનંદ સાથે તેમને સુરત આવવાનું નિમંત્રણ આપ્યું.

પછી અમારે ઘણી બધી વાતો થઇ કારણ કે મારી જેમ વિનોદભાઇ પણ ઇલેકટ્રીકલ એન્જીયર હતા અને તે રીતે ફોન પર મૈત્રી પણ થઇ ગઇ, પણ ત્યાર પછી તેમના ઘરે કોઇ પ્રસંગ આવી ગયો અને પછી તેમનું અકાળે અવસાન થયું પણ વસ્તી પત્રકને પુરૂં કરવા માટે તેમનો ઉત્સાહ, તરવરાટ અને ખાસતો સનિષ્ઠા ખુબ જ ઉચ્ચકક્ષાની હતી. જ્ઞાતિને જ્યારે એમના જેવા કર્મક, કાર્યદક્ષ અને સનિષ્ઠ કાર્યકરની જરૂર હતી ત્યારે જ પરમાત્માએ તેમને પોતાની પાસે બોલાવી લીધા. તેમનું અધુરું કાર્ય પુરું કરીને તેમને શ્રધ્ધાંજલિ આપવી જોઇએ જે માત્ર શ્રધ્ધાંજલિ નહીં પણ સ્મરણાંજલિ બની રહેશે.

આવા જ એક મારા ફોન મિત્ર કે વડીલ શ્રી પ્રવિણ દેવજી દામજી ખોના હતા જેમને હું કોઇ વાર નથી મળેલ પણ ફોન પર કે ક્યારે તેમણે મને પત્ર લખીને મને પ્રકાશ સમીક્ષા કે જ્ઞાતિના અન્ય મુખપત્રોમાં મારા લેખ વિશે કે જ્ઞાતિને લગતા અન્ય કોઇ વિષય વિશે વાત કરતા. તેમનું પણ એપ્રિલ ૨૦૧૪ના નિધન થયું. જ્ઞાતિના ખજાનામાંથી બે રત્નો ઓછા થવાથી જ્ઞાતિ આર્થિક રીતે નહીં પણ સામાજીક રીતે જરૂર ઘસાઇ છે.

*પ્રવિણચંદ્ર શામજી ધરમશી*
*સુરત-કોઠારા (૦૯૯૭૮૯૦૩૨૪૭)*

|| શ્રી સુમતિનાથાયનમઃ ||

# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહારાષ્ટ્ર એકમ

C/o. મે. વિરચંદ નરસી, પો. બૉ. નં. 11, મલકાપૂર-443101 (જી.બુલડાણા)

☎: (07267) 222032, 222232, Gram : KUMAR


1) શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહારાષ્ટ્ર એકમ ના ક્ષેત્ર માં વર્ષ 2014 મા. શિક્ષાણના ક્ષેત્રે ધોરણ 12 માં ટકાવરી પ્રમાણે પ્રથમ,દ્વિતીય, અને તૃતીય ક્રમાંકે આર્ટ્સ, સાયન્સ અને કૉમર્સ દરેક વિભાગમાં ઉત્તીર્ણ થયેલ અને ગ્રૅજ્યુએટ્સ વિદ્યાર્થી/વિદ્યાર્થીની ઓને

2) દરેક ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થી /વિદ્યાર્થીની ઓને પોતાના માર્કશિટની સર્ટીફાઇડ ઝેરૉક્સ નકલ અરજી સાથે (વિગતવાર સરનામા સહિત) શ્રી પ્રવિણકુમાર નરશીભાઈ દંડ, મે. વિરચંદ નરસી, પો. બૉ. નં.: 11 મલકાપૂર આ સરનામે તા. 30-8-14 સુધી ટપાલમાં અગર આંગડીયામાં સમયસર મળી જાય તે રીતે મોકલવા ભલામણ છે.

3) ધાર્મિક શિક્ષણમાં પ્રતિક્રમણ વિધી તથા તેનાથી આગળ ધાર્મિક અભ્યાસ કરનાર વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને ઈનામ આપવાંમા આવશે. ધાર્મિક અભ્યાસની વિગત સ્થાનિક મહાજ ન અથવા એકમના પ્રતિનિધીની નોંદ સાથે તા. 30-8-14 સુધી મોકલવી.

4) રમતગમત નાં ક્ષેત્રે રાજ્ય સ્તરની સ્પર્ધાઓંમા ભાગ લેનાર યુવક/યુવતીઓને પ્રોત્સાહન ઈનામ આપવાંમા આવશે સંપુર્ણ માહિતી તા. 30-8-14 સુધીમાં સ્થાનિક મહાજન અથવા એકમના પ્રતિનિધીને નોંદ સાથે મોકલવી

5) જ્ઞાતિના મુખ પત્ર પ્રકાશ - સમીક્ષાં મા જાહેરાત રૂપે છપાવેલ છે માટે સમયસર મોકલવી આપવા વિનંતી છે.

6) ઉપરોકત ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થી /વિદ્યાર્થીની ઓએ પોતાના માર્કશીટ ની સર્ટીફાઈડ ઝેરોકેસ નકલ ગામના મહાજનશ્રી અગર કાર્યકર્તા માર્ફત અગર સીધુ ટપાલમાં મોકલવા ભલામણ છે.

7) ઈનામોનું વિતરણ મહારાષ્ટ્ર એકમ ની જનરલ સભામાં ચાલીસગામ મુકામે તા 14/9/14 રવિવારે કરવામાં આવશે તે વખત ફક્ત હાજર રહેલા વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓનેજ ઈનામ આપવાંમા આવશે જેની નોંદ લેવા વિનંતી.

**કાર્યક્રમ સ્થળ-**
**શ્રી ક.દ.ઓ. જૈન મંદીર**
**સ્ટેશન રોડ,**
**ચાલીસગામ**

ઈનામ વિતરણ સમિતી પ્રમુખ
શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહારાષ્ટ્ર એકમ
**પ્રવિણકુમાર નરશીભાઈ દંડ**
(મલકાપૂર)

# જનરલ સભાનું એજન્ડા

મહારાષ્ટ્ર એકમની જનરલ સભા રવિવાર 14 સપ્ટેંબર 14 ચાલીસગામ મુકામે બપોરના 1.30 કલાકે

**પ્રમુખ શ્રી તિલોકચંદભાઈ નરશીભાઈ દંડ ના અધ્યક્ષતાંમા**

નીચે મુજબના વિષયો ઉપર ચર્ચા વિચારણા કરવા બોલવવાંમા આવેલ છે.

સર્વેને સમયપર હાજરી આપવા વિનંતી છે.

**વિષય**

1) શ્રધ્દાંજલી
2) પાછળની મિનીટ બુક વાંચીને કાયમ કરવી. [redacted]
3) અહવાલ વાચન
4) ઑડીટ થયેલ તારીખ 31-3-14 સુધીના રીપોર્ટને મંજુરી.
5) 2014-2015 ના અંદાજ- પત્રકને મંજુરી તેમજ કારોબારીની મિટીંગમા લેવાયેલા નિર્ણયોને મંજુરી આપવી.
6) 2014-2015 નાં વર્ષ માટે ઓડીટરની નેમણૂક કરવી
7) વ્યકતી વિશેષોનુ સન્માન.
8) એકમના ઉત્કર્ષને અનુલક્ષીને ઉપસ્થીત સભ્યોનું માર્ગદર્શનપર વકતવ્ય
9) શૈક્ષણિક, ધાર્મિક તેમજ રમતગમત ક્ષેત્રે સફળ થયેલા વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને ઇનામ વિતરણ
10) પ્રમુખ સાહેબની મંજુરીથી ઐન સમયપર આવેલ વિષયોપર ચર્ચા વિચારણા તેમજ મંજુરી
11) કોરમના અભાવે મુલતવી રહેલ સભા તેજ દિવસે અડધા કલાકે પછી મળશે.

ટીપઃ- ઉતારા તથા જમવાની વ્યવસ્થા મિટીંગના સ્થળે રાખવામા આવેલ છે.

નોંદઃ- વ્યવસ્થા સરળ થાય તે માટે આપનો મિટીંગના સ્થળે આવવાનો કાર્યક્રમ આઠ દિવસ પહેલા ચાલીસગામ એકમના સરનામે જણાવશોજી.

**ચાલીસગામ તિર્થ શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ નો એક દેરાસર છે. બધાને આવવા આગ્રહ ભરી વિનંતી છે.**

**યુવાનોને ખાસ આવહાન- વધુ થી વધુ સંખ્યામા હાજર રહે.**

**કાર્યક્રમ સ્થળ-**
**શ્રી ક.દ.ઓ. જૈન મંદીર**
**સ્ટેશન રોડ,**
**ચાલીસગામ**

લી.
શ્રી. કચ્છી દશા ઓસવાલ જૈન મહારાષ્ટ્ર એકમ
માનદ મંત્રી
**દિપક દામજી પોલડીયા (ફૈજપૂર)**

**ટીપઃ** 1) સામાન્ય સભાની મિટીંગમાં કોઈપણ ઠરાવ મુકવો હોય અને જે કોઈ પ્રશ્નો પુછવા હોય તે સર્વ લેખી માનદ મંત્રીશ્રીને મિટીંગની તારીખપહેલા આઠ દિવસ આગાઉ મળી જાય તે રીતે મોકલાવી આપવા વિનંતી

2) કારોબારી સમિતીની મિટીંગ 13/9/2014 ના રાતના 8.00 કલાકે રાખવામાં આવેલ છે.

# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહારાષ્ટ્ર એકમ

## તા. 31-3-2014 ના દિવસે સમાપ્ત થયેલ વર્ષનો આવક જાવકનો હિસાબ

| જાવક | | આવક | |
|---|---|---|---|
| બેંક કમિશન | 220.00 | ફિકસ ડીપૉઝીટ વ્યાજ | 140872.00 |
| સ્ટેશનરી પ્રિંટીંગ | 1200.00 | તથા બેંક વ્યાજ ના | |
| ટ્રસ્ટના ઉદેશો અંગે ખર્ચ | 15000.00 | ડિવિડંડ | 90.00 |
| માનવ ઉત્કર્ષ | | આવક કરતા જાવક વધારે | 50939.00 |
| શૈક્ષણિક સહાયતા | 175481.00 | | |
| યુવા સંમેલન | | | |
| | ---------- | | ---------- |
| | 191901.00 | | 191901.00 |
| | ---------- | | ---------- |

## સરવૈયુ તા. 31-3-2014

| ફંડ અને જબાબદારીયો | | મીલકત | |
|---|---|---|---|
| આજીવન સભાસદ ફી | 161398.00 | રોકડા | 308.36 |
| માનવ ઉત્કર્ષ ફંડ | 150784.00 | ફિક્સ ડિપોઝીટ | 2159556.00 |
| મહિલા મંચ | 78584.00 | આયડીબીઆય સેવ્હીંગ ખાતે | 142272.61 |
| શૈક્ષણિક સહાયતા ફંડ | 1665697.82 | જનતા કમ.બેંક સેવ્હીંગ ખાતે | 20364.17 |
| યુવા પ્રેરણા ફંડ | 15745.00 | મલકાપૂર અર્બન બેંક સેવ્હીંગ ખાતે | 75886.00 |
| Corpus Fund | 327593.00 | મહેશ અર્બન બેંક સેવ્હીંગ ખાતે | 1785.00 |
| સાધર્મીક વૈદ્યકિય સહાયતા | 11400.00 | શેઅર્સ જનતા કમર્શિયલ | 1000.00 |
| | | Income Tax | 10029.68 |
| | 2411201.82 | | 2411201.82 |

લી.

